
વિદ્યા ના
અધિકાર માટે

મલાલા યૌસફઝાઇ
ની વાર્તા

રેબેકા લેન્ગસ્ટન-જ્યોર્જ
ચિત્ર : જન્ના બોક



વિધા ના અધિકાર માટે

મલાલા યૌસફઝાઇ

ની વાર્તા

રેબેકા લેન્ગસ્ટન-જ્યોર્જ

ચિત્ર : જન્ના બોક



મુશ્કેલી થી 5 ફૂટ ઊંચી અને ફક્ત 17 વર્ષ ની આયુ માં, પાકિસ્તાન ની એક શાળા ની છાત્રા માઇક્રોફોન સામે ઉભી હતી. એ બહુ સાહસી હતી. એને સાંભળવા માટે દુનિયા ના નેતા આગળ ઝૂક્યા. મલાલા યૌસફઝાઇ એ ઓસ્લો, નોર્વે માં નોબેલ શાંતિ પુરસ્કાર નો સ્વીકાર કર્યો. કેમેરા એ દુનિયાભર માં એનો સંદેશો પ્રસારિત કર્યો.

એના પોતાના દેશ માં, જાહેર માં બોલવા માટે કોઈ મહિલા ને પીટવાની શક્યતા હતી. પણ મલાલા ડરી નહીં. એનામાં શક્તિ, સામર્થ્ય અને સાહસ ધબકતા હતા. 10 ડિસેમ્બર 2014 માં એ સૌથી નાની ઉમર ની નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા બની. મલાલા એ દરેક બાળકો માટે એનો અવાજ ઉઠાવ્યો.

"આ પુરસ્કાર ફક્ત મારે માટે નથી.


આ એ બધા ભૂલાયેલા બાળકો માટે છે જેને વિધા જોઈએ છે.

આ બધા ભયભીત બાળકો માટે છે જે શાંતિ ચાહે છે.


આ એ મૂક બાળકો માટે છે જે બદલાવ ચાહે છે. "

મલાલા, સમાન શિક્ષા નો અવાજ બની ગઈ હતી.

એ પામવા માટે એણે લગભગ પોતાનો પ્રાણ ગુમાવી દીધો હતો.



મલાલા ની પોતાની શિક્ષા જલ્દી શરુ થઇ. એના પિતા, ઝિયાઉદ્દીન યૌસફઝાઇ, મિંગોરા માં સ્કૂલ ચલાવતા હતા. મિંગોરા, પાકિસ્તાન ની સ્વાત ઘાટી માં બરફ થી ઢંકાયેલા પહાડો થી ઘેરાયેલું એક શહેર છે. જ્યારથી એણે ચાલવાનું શરુ કર્યું ત્યારથી એ સ્કૂલ જવા લાગી. મલાલા ને સ્કૂલ બહુ ગમતી.



બધા પાકિસ્તાની બાળકો ને મલાલા જેવો અવસર ઉપલબ્ધ ન હતો. ઘણા પરિવાર ને સ્કૂલ નો ખર્ચ પરવડતો ન હતો. ઘણા પરિવાર ફક્ત એમના પુત્રો ની શિક્ષા નો ખર્ચ કરતા હતા. એમનું માનવું હતું કે પુત્રીઓ એ ફક્ત ખાવાનું બનાવવું જોઇએ અને ઘર ની દેખભાળ કરવી જોઇએ.




મલાલા ની માઁ એ પણ નાનપણ માં વાંચતા-લખતા શીખ્યું ન હતું. પણ મલાલા ના પિતા નું માનવું હતું કે દીકરીઓ ને, દીકરાઓ ની જેમ, શિક્ષા આપવી જોઈએ. એણે મલાલા અને એના યુવાન ભાઈઓ - ખુશાલ અને અટલ - ને ભણવા માટે પ્રોત્સાહિત કર્યા. એણે ઘણા ગરીબ બાળકો ને પણ એની સ્કૂલ માં મફત શિક્ષા આપી.

મલાલા, સ્કૂલ માં ખીલી ઉઠી. એણે અથાગ મહેનત કરી અને ઘણી ટ્રોફીઓ અને ઇનામ જીત્યા. એ ન કેવળ એની મૂળ પશતો ભાષા લખી-બોલી શકતી હતી, પણ અંગ્રીજી અને ઉર્દુ બોલવામાં પણ પારંગત હતી. ઉર્દુ પાકિસ્તાન ની રાષ્ટ્રીય ભાષા હતી.








પણ ઇલાકા પર નિયંત્રણ રાખવાવાળા તાલિબાની નેતા છોકરીઓ ને સ્કૂલ મોકલવાની વિરુદ્ધ હતા. એમણે ઘોષણા કરી કે મહિલાઓ ને પુરુષો થી અલગ કરવામાં આવે. એ છોકરીઓ ની શિક્ષા પર રોક લગાવવા ચાહતા હતા. એમણે મહિલાઓ ને પોતાના પૂરા શરીર અને ચેહરા ને ઢાંકવા માટે બુરખો પહેરવા પણ મજબૂર કરી.

તાલિબાની સદસ્યો એ સ્કૂલ ના માલિકો ને ધમકાવ્યા. એકે ઝિયાઉદ્દીન ને એની સ્કૂલ બંધ કરવાનો આદેશ આપ્યો કારણકે સ્કૂલ માં છોકરા-છોકરીઓ એક જ પ્રવેશ દ્વાર નો ઉપયોગ કરતા હતા. જયારે મલાલા ના પિતા એ ના પાડી, તો તાલિબાને શિક્ષકો ને બહુ ધમકાવ્યા અને એમાંથી કેટલાકે નોકરી છોડી દીધી.





ઝિયાઉદ્દીન ચિંતિત થયા, પણ મલાલા શાંત રહી. સ્વાત ની છોકરીઓ કોઈ ના થી ડરતી ન હતી. એ સ્કૂલ માં સફળ થવા પહેલા થી ઘણી વધારે દ્રઢ હતી. સ્કૂલ ની રજા માં મોટા ભાગ ની પાકિસ્તાની મહિલાઓ હાથ માં મહેંદી લગાવતી હતી. મલાલા એ એના હાથો માં મહેંદી થી વિજ્ઞાન ના સૂત્રો લખ્યા.

તાલિબાન પ્રત્યેક દિવસે હિંસા અને ધમકીઓ દ્વારા મજબૂત થઈ રહ્યા હતા. જેમ-જેમ એની તાકાત વધી, તેમ-તેમ એણે વધારે કડક નિયમો બનાવ્યા. હવે પુરુષો, દાઢી નહોતા કરી શકતા. મહિલાઓ માટે ચહેરો ઢાંકવો જરૂરી હતો. ફિલ્મો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. તાલિબાન ના ઉપદેશ, સ્વાત ઘાટી માં રેડિયો દ્વારા ગુંજી રહ્યા હતા.





મલાલા ના વતન માં ડર ફેલાઇ ગયો. જે કક્ષાઓ પહેલા ભરાયેલી રહેતી, એમાં હવે ઘણી સીટો ખાલી હતી. તાલિબાની નેતાઓ એ રેડિયો પર એ લોકો વિષે બડાઇ હાંકી જેના પર તેઓ એ જબરદસ્તી કરી ને સ્કૂલ જતા રોકી હતી. "અમે એ આદાબ તરિન ને વધાઇ આપીયે છીએ જેણે સ્કૂલ જવાનું બંધ કરી દીધું છે."





શિક્ષા ના મહત્વ પર જોર દેવા ઝિયાઉદ્દીને ટીવી પર લડાઈ આપી. એની સાથે મલાલા પણ આવી. જયારે એક રિપોર્ટરે મલાલા ને એનો અભિપ્રાય પૂછ્યો તો એણે કહ્યું, "મારી શિક્ષા નો મૂળ અધિકાર છીનવી લેવાની તાલિબાન ને હિમ્મત કેવી રીતે થઈ!"


એ પછી એને સ્કૂલ ના દરવાજા પર ટેપ કરેલો એક પત્ર મળ્યો. "... તમે જે સ્કૂલ ચલાવી રહ્યા છો, એ પશ્ચિમી છે ... તમે છોકરીઓ ને ભણાવો છો ... એને તુરંત રોકો નહીં તો તમે મુસીબત માં આવી જશો ..."



મલાલા ને ધમકીઓ થી ડર ન લાગ્યો. એ અને એના પિતા છોકરીઓ માટે સમાન શિક્ષણ ની માંગ કરતા રહ્યા. એમણે દરેક મંચ પરથી પોતાનો મત જાહેર કર્યો. એમણે અખબારો ને પત્રો લખ્યા અને પત્રકારો ને ઇન્ટરવ્યૂ આપ્યા. મલાલા એ ચેતવણી આપી, "જો આપણે નવી પીઢી ના હાથ માં કલમ નહીં આપીયે, તો આતંકવાદી એના હાથ માં બંદૂકો જરૂર થમાવશે."

પણ હાલત બદ-થી-બદતર થતી ગઈ. તાલિબાન ના સદસ્યો મશીનગન સાથે સડકો પર ચોકી કરવા લાગ્યા. એણે કર્ફ્યુ તોડવાવાળા ને માર્યા-પીટ્યા. રાત ના સમયે બોમ્બ વરસાવ્યા. તાલિબાન ના નિયમો નો ઉલ્લંઘન કરવાવાળા લોકો ની દુકાનો સવાર સુધી માં મલબા ના ઢેર માં બદલાઈ જતી હતી.

પછી, ડિસેમ્બર 2008 માં, એક ભયાનક રેડિયો ઘોષણા થઈ : "છોકરીઓ ની બધી સ્કૂલો બંધ થશે. 15 જાન્યુઆરી થી, કોઈ પણ છોકરી ને સ્કૂલ જવાની અનુમતિ નહીં હોય." સમય સીમા ની પહેલા જ, ચેતવણી રૂપે, આસપાસ ની સ્કૂલો માં બોમ્બ વર્ષ થવા લાગી.






પણ બૉમ્બ મલાલા ને ચૂપ ન કરી શક્યા. બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી) ચાહતું હતું કે કોઈ છોકરી સ્કૂલો ના બંધ થવા વિષે બ્લોગ કરે. કિશોરી બ્લોગર પહેલી વાર બતાવે કે શિક્ષા થી વંચિત થવાથી એ કેવું મહેસુસ કરી રહી છે. જેલ, મારપીટ અને બૉમ્બ ના ડર થી મલાલા ના બધા મિત્રો એ પોતાના અનુભવ લખવાની મનાઈ કરી. પણ મલાલા એ સ્વેચ્છા થી લખ્યું.

એણે "ગુલ મકાઈ" ના ઉપનામ થી લખ્યું, જે એક પાકિસ્તાની મહિલા હતી જેણે બહુ પહેલા બ્રિટિશ દમન સામે લડાઈ લડી હતી. પાકિસ્તાન માં ઈન્ટરનેટ અને વીજળી સેવાઓ ની હાલત બહુ ખરાબ હતી. એટલે "ગુલ મકાઈ" એ બીબીસી ના એક રિપોર્ટર સાથે ફોન માં વાત કરી, જેણે આગળ બે મહિના સુધી એના બ્લોગ ટાઇપ કર્યા. બ્લોગ પહેલી વાર 3 જાન્યુઆરી 2009 ના, ઉર્દુ માં પ્રકાશિત થયો. થોડા સમય માં મલાલા નો બ્લોગ બહુ લોકપ્રિય થયો અને બીબીસી એ એનો અંગ્રેજી માં પણ અનુવાદ કર્યો.



14 જાન્યુઆરી 2009 ના મલાલા એ ફરી બ્લોગ કર્યો, "મારા મત પ્રમાણે એક દિવસ સ્કૂલ ફરી ખુલશે, પણ સ્કૂલ થી પાછા ફરતા મેં એની ઇમારત તરફ જોયું અને ત્યારે મને લાગ્યું કે હું અહીં ફરી ક્યારેય નહીં એવું." મલાલા ઉદાસ હતી પણ એ માથાભારે પણ હતી. "તેઓ અમને સ્કૂલ જવાથી રોકી શકે છે, પણ અમને શીખવા થી રોકી નહીં શકે!"



મલાલા જેવા કાર્યકરો નો ગુસ્સો વધતો જ ગયો. અંત માં, તાલિબાને 10 વર્ષ અને એથી ઓછી છોકરીઓ ને સ્કૂલ જવાની અનુમતિ આપવી શરુ કરી. પણ મલાલા 11 વર્ષ ની હતી. મલાલા અને એની સહેલીઓ એ એનો આસમાની સ્કૂલ નો ગણવેશ ઘર પર છોડી દીધો. એમણે ઘર ના સાધારણ કપડાં પહેર્યા, શાલ નીચે પુસ્તકો છુપાવી અને એની ઉમર થી નાની હોવાનું નાટક કર્યું. ઉમર વિષે ખોટું બોલવું એમના માટે ગંભીર રૂપ થી ખતરનાક થઇ શકતું હતું. પકડાઇ જવા પર છાત્રો અને એના શિક્ષક ને સાર્વજનિક રૂપ થી મારવા-પીટવા માં આવવાની શક્યતા હતી.

જીવન પ્રતિ દિન વધારે ખતરનાક થતું ગયું. પાકિસ્તાન ની સેના, તાલિબાન સાથે લાડવા લાગી. ગોળીઓ અને લોકો ની ચીસો થી વાતાવરણ ભરાઇ ગયું. કોઇ ની, ત્યાં સુધી કે સ્કૂલ ના છાત્રો ની પણ, બહાદુરી બતાવવાની હિમ્મત ન થઈ. મે 2009 માં, સેનાએ એ ઘોષણા કરી કે બધા લોકો ને શહેર છોડી ને જવું પડશે. સામાન થી લાદેલી ગાડીઓ, મોટરસાઇકલ, ટ્રકો અને ગધેડા-ગાડીઓ એ રસ્તાઓ જામ કરી દીધા. તાલિબાન ના સદસ્ય એમની મશીનગનો ની પાછળ થી એ નજારો જોતા રહ્યા. 20 લાખ લોકો સ્વાત ઘાટી છોડી ને નાસી ગયા.

જયારે મલાલા એક નાના થેલા માં થોડા કપડાં ભરી રહી હતી ત્યારે એની આંખો માં થી આંસૂ છલકાઈ ગયા. એ એના પુસ્તકો ને થેલા માં ભરવા ચાહતી હતી પણ માઁ એ કહ્યું કે એમની પાસે પુસ્તકો માટે જગ્યા ન હતી. એને પાછળ છોડવાથી મલાલા નું દિલ તૂટી ગયું. મલાલા એ પ્રાર્થના કરી કે જયારે એ પાછી ફરે તો એના પુસ્તકો ત્યાં હોય. પોતાના જીવ બચાવી પલાયન થવા માટે મલાલા ના માતા-પિતા અને ભાઈ, એક પાડોશી ની વાન માં સવાર થયા. મલાલા એના મિત્ર ની ગાડી માં બેઠી. તાલિબાને પહેલા જ એની શિક્ષા નો અધિકાર, અને એનો અવાજ છીનવા ની કોશિશ કરી હતી. મલાલા એ પ્રાર્થના કરી કે હવે તો તાલિબાન એના ઘરે ન આવે.



શરણાર્થી સ્વાત ઘાટી ની બહાર ના ગામો માં ભારે સંખ્યા માં ભેગા થયા. સંયુક્ત રાષ્ટ્ર એ એમના રહેવા માટે સફેદ તંબુ વાળી શિબિરો ખોલી, પણ થોડી વાર માં ત્યાં ભીડ થઇ ગઈ. સાફ-સફાઇ ન હોવાથી ત્યાં બીમારીઓ ફેલાવા લાગી. શિબિરો માં તાલિબાની જાસૂસો ની અફવાહ થી લોકો ના દિલો માં દહેશત બેસી ગઈ. યૌસફઝાઈ પરિવાર ભાગ્યશાળી હતો. ત્યાં એના સગા હતા જેની સાથે એ રહી શકતા હતા. પણ જે મિત્ર એમને મિંગોરા થી લાવ્યા હતા એ ક્યાંક બીજે જઇ રહ્યા હતા. ગાડી ન હોવાથી યૌસફઝાઇ પરિવાર ને 16 માઈલ ધૂળિયા ગરમ તાપ માં ચાલવું પડયું.





મલાલા નો 12 મો જન્મદિવસ જુલાઈ માં આવ્યો, પણ પરિવારે એની કોઈ ઉજવણી ન કરી. એ દિવસે કોઈ કેક અને પાર્ટી ન થઈ. વાસ્તવ માં, કોઈ ને એ દિવસ યાદ પણ ન રહ્યો. પણ મલાલા એ એના જન્મદિવસે શાંતિ ની અભિલાષા કરી.

ત્રણ મહિના પછી જયારે એ ઘરે પાછા ફર્યા, ત્યારે લડાઈ સમાપ્ત થઈ ગઈ હતી, પણ મિંગોરા તદ્દન બદલાઈ ચૂક્યું હતું. દુકાનો ધ્વસ્ત થઈ ચુકી હતી. બળેલી ગાડીઓ ના હાડપિંજર સડકો પર વિખરાયેલા પડયા હતા. સ્કૂલ ની દીવાલો પર ગોળીઓ ના નિશાન હતા. પણ તાલિબાન ની ક્યાંય નિશાની ન હતી. ઝિયાઉદ્દીને થોડા જ દિવસો માં સ્કૂલ ની કક્ષાઓ ફરીથી શરુ કરી દીધી. એણે છોકરાઓ અને છોકરીઓ બંને માટે કક્ષાઓ શરુ કરી!





મલાલા સ્કૂલ ફરીથી જવા લાગી, પણ હવે જીવન પહેલા જેવું ન હતું. છોકરીઓ ને સ્કૂલ જવાના પ્રતીબંધ લગાવવાની તાલિબાન ની કોશિશ ના સમાચારે આંતરરાષ્ટ્રીય મથાળા બનાવ્યા હતા. દોસ્તો અને પાડોશીઓ એ સહી અનુમાન કર્યું - કે મલાલા જ બ્લોગ લખવાવાળી "ગુલ મકાઈ" હતી. મલાલા ના બ્લોગ, ભાષણો અને ઇન્ટરવ્યૂ એ એને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ કરી દીધી હતી. દક્ષિણ આફ્રિકા ના આર્ચબિશોપ ડેસમન્ડ ટૂટૂ એ એને એક પુરસ્કાર માટે નામાંકિત કરી હતી. પાકિસ્તાને એના સન્માન માં પોતાના શાંતિ પુરસ્કાર નું નામ બદલી ને નેશનલ મલાલા શાંતિ પુરસ્કાર કર્યું. 2011 ના અંત સુધી માં મલાલા નું જીવન ટીવી, રેડિયો અને સમાચાર પત્રો ના ઈન્ટરવ્યૂ થી ભરાઇ ગયું. એની તસ્વીર હરેક જગ્યા એ હતી.

ટૂંક સમય માં મલાલા ને ખબર પડી કે તાલિબાન ક્યાંય ગયા ન હતા. તાલિબાન નેતાઓ એ મલાલા ને ઇન્ટરનેટ પર ધમકાવવાનું શરુ કરી દીધું. એમના મતે મલાલા પશ્ચિમી દેશો ની એક એજન્ટ હતી. એમણે એ ઘોષણા પણ કરી કે મલાલા એમના હિટ લિસ્ટ માં હતી. પોલીસે યૌસફઝાઇ પરિવાર ને ઘર છોડવાની ચેતવણી આપી.

પણ મલાલા એ છુપાવાનો ઇન્કાર કર્યો.

એણે ચૂપ રહેવાનો પણ ઇન્કાર કર્યો.




મલાલા ની માઁ ટોર પેકાઈ ને બેટી ની સુરક્ષા નો ડર સતાવી રહ્યો હતો. જોકે સ્કૂલ એના ઘર થી થોડે દૂર જ હતી, પણ ટોર પેકાઈ એ મલાલા ને સ્કૂલ બસ દ્વારા જવાનું કહ્યું. ડર લાગવા છતાં, એને એની બેટી પર ગર્વ હતો. અસલ માં, મલાલા એ એની માઁ ને સ્કૂલ જવા પ્રેરિત કરી હતી. ટોર પેકાઈ એ 9 ઓક્ટોબર, 2012 માં સ્કૂલ માં એનો પહેલો પાઠ શરુ કર્યો.


જેવી ટોર પેકાઈ એના પહેલા પાઠ માટે સ્કૂલ પહોંચી, મલાલા અને એની સહેલીઓ ઘરે જવા સ્કૂલ બસ માં સવાર થઈ. કેનવાસ ની છત નીચે બેન્ચ પર બેસીને છોકરીઓ હસવા અને ગાવા લાગી. અચાનક બસ આંચકા સાથે થંભી ગઈ. એક માણસે બસ ની છત નું કેનવાસ ઉઠાવ્યું.



કોઇ બોલ્યું નહીં. પણ છોકરીઓ ની આંખો એની સહેલી ની સુરક્ષા માટે એની તરફ જોવા લાગી. એટલું જ બસ હતું. એ માણસે મલાલા પર એની બંદૂક તાકી.





ત્રણ ગોળીઓ ના અવાજે સન્નાટો છિન્નભિન્ન કરી નાખ્યો.



બસ ડ્રાઈવર મલાલા અને એની બે ઘાયલ સહેલીઓ - શાઝિયા અને કાયનાત - ને હોસ્પિટલ લઈ ગયો. ભાગ-દોડ અને મૂંઝવણ માં કલાકો વીતી ગયા. જેવી આ ખબર રસ્તા પર ફેલાઈ, પત્રકારો હોસ્પિટલ માં આ સમાચાર મેળવવા ખીચો-ખીચ ભરાઈ ગયા. ઝિયાઉદ્દીન ના ફોન ની ઘંટડી ત્યારે વાગી જયારે એ સ્કૂલ ના અન્ય આગેવાનો ને સંબોધી રહ્યા હતા. એ લોકો ની ભીડ વચ્ચે થી દોડતા હોસ્પિટલ પહોંચ્યા, "મલાલા માટે પ્રાર્થના કરો".

ટોર પેકાઈ જયારે ઘરે પહોંચી ત્યારે તમામ પાડોશી પણ એ ખરાબ સમાચાર સાંભળી એના ઘરે પહોંચ્યા. એક મિત્રે ફોન કરીને જણાવ્યું કે મલાલા ને હેલિકોપ્ટર માં બીજી હોસ્પિટલ માં લઈ જવામાં આવી રહી હતી. મલાલા ના હેલિકોપ્ટર ને ઉપર થી ઉડતું જોવા માટે ટોર પેકાઈ અને એના પાડોશી છત પર દોડયા. એણે હવા માં માથા નો દુપટ્ટો ઉઠાવી પ્રાર્થના કરી, "ભગવાન, હું એને તમને સોંપુ છું."





કલાકો દિવસો માં લંબાયા પણ મલાલા ને એની ખબર ન હતી. એનું મસ્તિષ્ક સૂજન થી ફૂલી ગયું હતું. જયારે એ બેહોશ પડી હતી ત્યારે તાલિબાને ઘોષણા કરી કે એ છોકરી ને "છોડવામાં નહીં આવે", અને અગર એ બચી ગઈ તો એને ફરી નિશાન બનાવવામાં આવશે.


મસ્તિષ્ક માં સૂજન ઓછું કરવા ડોકટરો એ મલાલા પર શસ્ત્રક્રિયા કરી. પછી એક સંક્રમણે લગભગ એનો જીવ લીધો. છેવટે મલાલા ને આગળ ની સર્જરી માટે અને આગળ ના હુમલા થી સુરક્ષિત રાખવા માટે ઇંગ્લેન્ડ માં, બર્મિંગહામ ની એક હોસ્પિટલ માં લઈ જવામાં આવી.

તાલિબાન દ્વારા ગોળી મરાયેલી છોકરી ની ખબર દુનિયાભર માં ફેલાઈ ગઈ. જયારે શિક્ષા માટે સંઘર્ષ કરવાવાળી છોકરી એ એના જીવન માટે સંઘર્ષ કર્યો, ત્યારે હજારો શુભેચ્છા કાર્ડ આવ્યા. લોકો એ હોસ્પિટલ માં સેંકડો રમકડાં અને ફૂલ મોકલ્યા. પણ મલાલા ને સૌથી વધારે એના સ્કૂલ ના પુસ્તકો ને પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી.



ડોક્ટરો એ આગળ થોડા મહિનાઓ માં મલાલા પર બીજી ઘણી સર્જરી કરી. સર્જનો એ એની ઝૂકેલી આંખો ને સરખી કરી અને એના ચેહરા ની નસો ને સરખી કરી જેથી એ સ્મિત કરી શકે. એમણે એના કાન માં એક શ્રવણ-યંત્ર લગાવ્યું. મલાલા ત્રણ મહિના સુધી હોસ્પિટલ માં રહી. એ દરમ્યાન મિંગોરા માં એના સ્કૂલ ના મિત્રો એ એને માટે એક સીટ ખાલી રાખી.

ગોળીઓ એ મલાલા ને વધારે વખત સુધી ચૂપ ન કરી. 12 જુલાઈ 2013 માં, એણે સંયુક્ત રાષ્ટ્ર માં વિશ્વ નેતાઓ સામે એક ભાષણ આપ્યું. એણે ઘોષણા કરી, "એક બાળક, એક શિક્ષક, એક પુસ્તક અને એક કલમ દુનિયા ને બદલી શકે છે." દર્શકો એ ઉભા થઈ ને એ છોકરી ને બિરદાવી જેણે શિક્ષા ના અધિકાર માટે જબરદસ્ત લડાઈ લડી.



મલાલા વિષે અધિક જાણકારી


મલાલા નું ઘર પાકિસ્તાન ની સ્વાત ઘાટી ના ઉત્તરી હિસ્સા માં છે. એ ઇલાકો અફઘાનિસ્તાન નજીક છે એટલે ત્યાં ના લોકો નો અફઘાન પાડોશીઓ સાથે સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધ છે. 11 સપ્ટેમ્બર, 2001 ના, અમેરિકા પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરાયા પછી, અમેરિકા અને એના સહયોગીઓ એ અફઘાનિસ્તાન માં પોતાની સેનાઓ મોકલી. તાલિબાન એ ક્ષેત્ર માં બહુ મજબૂત થઈ ગયા હતા અને તાલિબાન ના ઘણા સદસ્ય સ્વાત ઘાટી માં ઘુસી ગયા હતા. ત્યાં તાલિબાને પાકિસ્તાની લોકો પર પોતાના વિચાર થોપ્યા.


મલાલા ને જે ગોળી વાગી હતી એ ડાબી આંખ ના ખાડા ની ઉપર થઇ ને એના ચેહરા માં થઈ ને એના ખભા પર અટકી. પહેલા તો ડોકટરો ને લાગ્યું કે એ ખરાબ રીતે ઘાયલ નથી થઇ, પણ પછી એમણે જાણ્યું કે એના જખમ જાનલેવા હતા. એનું મગજ, ચેહરા ની નસો અને સાંભળવાની ક્ષમતા ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. એના મસ્તિષ્ક ના સૂજન ને દૂર કરવા માટે ડોકટરો એ એની ખોપડી નો એક હિસ્સો કાઢી નાખ્યો. પછી એમણે કાઢેલી ખોપડી ની હડ્ડી ને, ધાતુ ની પ્લેટ થી બદલાવી. એની સહેલી શાઝિયા અને કાયનાત ને મામૂલી ઇજા થઇ હતી.

બર્મિંગહામ, ઇંગ્લેન્ડ ની હોસ્પિટલ ને મલાલા માટે આવેલા હજારો કાર્ડ અને ઉપહારો રાખવા માં બહુ મુશ્કેલી પડી. મલાલા ને એક ઉપહાર વિશેષ રૂપ થી પસંદ આવ્યો. દિવંગત બેનઝિર ભુટ્ટો ના બાળકો એ એની માઁ ની બે શાલ મલાલા માટે મોકલાવી હતી. હત્યા થઇ ત્યાં સુધી ભુટ્ટો પાકિસ્તાન ના પ્રધાનમંત્રી હતા. મલાલા એ ભુટ્ટો ને પોતાના નિજી હીરો માન્યા. સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ બોલતા એણે ખુબ ગર્વ સાથે બેનઝિર ભુટ્ટો ની સફેદ શાલ પહેરી હતી.

પાકિસ્તાની સેનાએ મલાલા પર થયેલા હુમલા ના બે વર્ષ પછી શૂટિંગ માં સામેલ 10 લોકો ના એક સમૂહ ની ધરપકડ કરી. પણ તાલિબાન, મલાલા ને લગાતાર ધમકીઓ આપતા રહ્યા.

મલાલા ગોળીબાર ના ઘણા મહિનાઓ પછી સ્કૂલ પાછી ફરી. પણ લગાતાર ધમકીઓ ને કારણે, એ પેલી સીટ પર ન બેસી શકી જેના પર એ મિંગોરા માં ઘણીવાર બેસતી હતી. મલાલા અને એનો પરિવાર હવે બર્મિંગહામ માં રહે છે. એ ત્યાં એની શિક્ષા ચાલુ રાખશે જે થી એ એક દિવસ બંદુકો થી નહીં પણ જ્ઞાન થી સજ્જ થઈ પાકિસ્તાન પ્રત્યાગમાન કરી શકે. મલાલા અને એના પિતા શિક્ષા વિષે લગાતાર એમના વિચારો વિષે ભાષણ આપતા હોય છે. મલાલા એ પાકિસ્તાન જેવા દેશો માં શિક્ષા માટે એક સંસ્થા પણ શરુ કરી છે. એણે "દરેક ઘર માં શાંતિ" અને "દુનિયા માં હરેક છોકરા-છોકરી ને શિક્ષા" આપવાની દિશા માં કામ કરવાનો વાયદો પણ કર્યો છે.




"એક બાળક, એક શિક્ષક, એક પુસ્તક
અને એક કલમ દુનિયા બદલી શકે છે."
-મલાલા યૌસફઝાઈ